REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. XLVIII ] TUESDAY, 20TH FEBRUARY, 2007 / PHALGUNA 01, 1928 [ No. 11**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં ભેળવવામાં આવેલ નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોના વિસ્તારમાં લેવાના થતાં મિલકતવેરા તથા વોટર અને સુઅરેજ ચાર્જ વસુલ કરવા સંબંધિત નિયમોને સરકારશ્રીની મંજુરી આપવા બાબત...

**ગુજરાત સરકાર**

**ઠરાવ ક્રમાંક : અમન/૮૦૨૦૦૧/૩૬૧૪/પી,**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા. ૯-૨-૨૦૦૭**

વંચાણે લીધા :

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો ઠરાવ ક્રમાંક : અમન/૮૦૨૦૦૧/૩૬૧૪/પી, તા.૨૫-૯-૨૦૦૧.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી/૨૫/૨૦૦૬/એએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી, તા. ૧૪-૨-૨૦૦૬.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામાં ક્રમાંક : કેવી/૨૧૧/૨૦૦૬/એએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી, તા ૨૭-૭-૨૦૦૬.

(૪) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની તા. ૨૫-૧-૨૦૦૭ની દરખાસ્ત ક્રમાંક : ટેક્સ/એમઆઈએસ નં. ૧૭૨.

**ઠરાવ**

શહેરી વિકાસ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક : (૧) ના ઠરાવથી ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્શ એક્ટ, ૧૯૪૯ની કલમ-૧૪૧-બી અનુસાર પ્રોપર્ટી ટેક્ષ વસુલ કરવા અંગેની કાર્પેટ એરીયા બેઈઝ નવી ફોર્મ્યુલાનો અમલ કરવા ધી બોમ્બે

પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ની શિડ્યુલ-એ ના પ્રકરણ-૮ ના નિયમોમાં જરૂરી સુધારો કરવામાં આવેલ છે અને તે મુજબ તા. ૧-૪-૨૦૦૧થી મિલકતવેરો ઉઘરાવવાની કામગીરી કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે.

૨. શહેરી વિકાસ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના જાહેરનામાથી ૭ (સાત) નગરપાલિકાઓના વિસ્તારને તેમજ ક્રમાંક : (૩)ના જાહેરનામાથી (૧૦)(દસ) નગરપાલિકાઓ તથા ૩૦ (ત્રીસ) ગ્રામ પંચાયત વિસ્તારને અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં સમાવવામાં આવેલ છે. આ તમામ વિસ્તારોનો મહાનગરપાલિકાની હદમાં સમાવેશ થતાં આ વિસ્તારોની મિલકત ઉપર મહાનગરપાલિકાના નીતિ નિયમો મુજબ મિલકતવેરો લેવાનો થાય છે.

૩. અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં ભેળવવામાં આવેલ નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોના વિસ્તારમાં સને ૨૦૦૬-૨૦૦૭ થી સને ૨૦૦૯-૨૦૧૦ સુધીના વર્ષો માટે લેવાના થતાં મિલકતવેરા તથા વોટર અને સુઅરેજ ચાર્જ બાબતે ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટ-૧૯૪૯ની કલમ-૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કાર્પેટ એરીયા બેઈઝ ફોર્મ્યુલા હેઠળ મિલ્કત વેરાની વસુલાત કરવા સંબધિત ૨૦૦૧-૨૦૦૨થી અમલમાં મુકેલ ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ની **કલમ-૧૪૧- બી, શિડયુલ- એના પ્રકરણ-૮ માં નિયમ-૮ (છ) નો ઉમેરો કરવા અંગેના એનેક્ષર- એ (Annexure-A)** મુજબના નિયમોની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંમં (૪)થી કરવામાં આવેલ દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણા કર્યા બાદ આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

૪. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં ભેળવવામાં આવેલ નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોના વિસ્તારમાં લેવાના થતા મિલકતવેરા તથા વોટર અને સુઅરેજ ચાર્જ વસુલ કરવા સંબંધિત નિયમોને ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટ-૧૯૪૯ની કલમ- ૪૫૫(૨) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એ. એન. દવે,
ઉપસચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

---

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના**
**ઠરાવ ક્રમાંક : અમન/૮૦૨૦૦૧/૩૬૧૪/પી. તા. ૯-૨-૨૦૦૭**

**એનેક્ષર-એ**

બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલમ-૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલ્કત વેરાની વસુલાત અંગે કારપેટ એરીયા બેઝ, ફોર્મ્યુલા હેઠળ મિલ્કત વેરાની વસુલાત કરવા સંબંધિત-૨૦૦૧-૨૦૦૨ થી અમલમાં મુકેલ બી.પી.એમ.સી. એકટની કલમ-૧૪૧ (બી) મૂજબની પ્રોપર્ટી ટેક્ષની કારપેટ એરીયા બેઈઝ નવી ફોર્મ્યુલાના શીડયુલ-એ, પ્રકરણ-૮માં નિયમ -૮-(છ)નો ઉમેરો.

**૮(છ) અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં ભેળવવામાં આવેલ વિસ્તારો માટે મિલકત વેરાના ખાસ નિયમો.**

ગુજરાત સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક: કેવી/૨૫/૨૦૦૬/એએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી, તા. ૧૪.૨.૨૦૦૬ થી ૭(સાત) નગરપાલિકાઓના વિસ્તારોને તથા જાહેરનામા ક્રમાંક: કેવી/૨૧૧/૨૦૦૬/એએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી, તા.૨૦-૭-૨૦૦૬ થી ૧૦(દસ) નગરપાલિકાઓ અને ૩૦(ત્રીસ) ગ્રામ પંચાયતોના વિસ્તારને અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં, ભારતના બંધારણની કલમ-૨૪૩ (ક્યુ) (૨) ની જોગવાઈ હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે. આ તમામ નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોના વિસ્તારને અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં સમાવવામાં આવતા તેઓના વિસતારની મિલ્કતોનો મિલકત વેરો ધી બી.પી.એમ. સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૧૪૧ (બી) મુજબ લેવાનો થાય છે. પરંતુ આ વિસ્તારોના વિકાસને ધ્યાને રાખતાં આ વિસ્તારો સમાવતી વખતે જે મિલકતોની આકારણી થયેલ છે તેમજ જો કોઈ મિલકતની આકારણી થયેલ ન હોય, પરંતુ તેનું બાંધકામ મહાનગરપાલિકામાં સમાવેશ થતા પહેલાં પૂર્ણ થયેલ હોય તો તે અંગેના પુરાવા રજુ કર્યેથી આવી મિલકતો માટે લેવાનો થતો મિલકત વેરો તથા અન્ય કર/ ચાર્જ નીચે મુજબના નિયમોથી લેવાના રહેશે.

૧ વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માટે ઉપરોક્ત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરાયેલ નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોના વિસ્તારમાં આવેલ મિલકતોનો મિલકત વેરો જે તે નગરપાલિકા તથા ગ્રામ પંચાયતો પૈકી જ્યાં સમાવેશ થયા પહેલાં બીલીંગ થયેલ ના હોય તેવા વિસ્તારોમાં વર્ષ ૨૦૦૫-૨૦૦૬નું મિલકત વેરો/ ઘર વેરો તથા અન્ય કર/ચાર્જનું જે બિલ આપવામાં આવેલ છે તે મુજબ જ મિલકત વેરો/ઘર વેરો તથા અન્ય કર/ ચાર્જ લેવાના રહેશે અને જેમાં બીલીંગ થઈ ગયેલ છે તેમાં તે બિલ મુજબ મિલકત વેરો લેવાનો રહેશે.

૨ વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી ઉપરોક્ત વિસ્તારોમાં ધી બી. પી. એમ. સી. એક્ટ,૧૯૪૯ ની કલમ ૧૪૧ (બી) મુજબ તથા તેના નિયમો ૮(ક) થી ૮(ચ) પ્રમાણે તથા અન્ય નિયમો મુજબ મિલકત વેરાની ગણતરી કરીને આખરી મિલકત વેરો તથા અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નક્કી કરેલ વોટર સુઅરેજ ચાર્જની મળી જે રકમ આવે તે રકમ જે તે નગરપાલિકા/ગ્રામ પંચાયતના સને ૨૦૦૬-૨૦૦૭ની મિલકત વેરા/ઘર વેરા તથા અન્ય કર/ ચાર્જ મળીને જે રકમ હોય તેના કરતાં વધારે થતી હોય તેવા કિસ્સામાં આ બંનેના તફાવતની રકમમાં નીચે મુજબ વર્ષ પ્રમાણે વળતર આપવામાં આવશે.

(અ) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના નાણાકીય વર્ષ માટે ૭૫ ટકા વળતર આપવું.

(બ) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ના નાણાકીય વર્ષ માટે ૫૦ ટકા વળતર આપવું.

(ક) વર્ષ૨૦૦૯-૨૦૧૦ ના નાણાકીય વર્ષ માટે ૨૫ ટકા વળતર આપવું.

(ડ) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના નાણાકીય વર્ષથી ક્ષેત્રફળ આધારિત નવી પધ્ધતિ મુજબ ટેક્ષ લેવામાં આવશે.

પરંતુ આ વળતર બાદ જે રકમ રહે તે મહાનગરપાલિકા માટે કલમ ૧૪૧(બી) (૫) મુજબ જે ઓછામાં ઓછો કર રાજય સરકારે નક્કી કરેલ છે તે તથા નકકી કરેલ વોટર સુઅરેજ ચાર્જ કરતા ઓછો થવો જોઈએ નહી.

અમદાવાદ, ૧૫ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૭.

એ. એન. દવે,

ઉપસચિવ,

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

---

## Urban Development and Urban Housing Department Resolution No. AMN/802001/3614/P, Dated 9.2.007

## Annexure-A

In view of the powers sanctioned under Section 455 of the B.P.M.C. Act, 1949, the Ahmedabad Municipal Corporation for recovery of property Tax on carpet base formula made addition of Rule 8(F) in Chapter VIII Of Schedule- A New Formula for recovery of Tax as per Section 141 (B) of the B.P.M. C. Act- 1949, implemented since 2001-2002.

**8(F) Special Rules for the areas included in the limits of Ahmedabad Municipal Corporation.**

By virtue of the notification No.KV/25/2006/AMN/ 902006/ 410/ P, dated 14.02.06, the areas of 7 (Seven) Municipalities and thereafter by virtue of the Notification No. KV/211/2006 AMN/902006/ 410/ P, dated 20/7/2006, the areas of 10 (Ten) Municipalities and 30 (Thirty) Gram Panchayats are included within the limit of the Ahmedabad Municipal Corporation as per the provision of Article 243 (Q) (2) of the Constitution of India. As the areas of the Municipalities and Gram panchayats are included within the limit of Ahmedabad Municipal Corporation, property tax is to be reccovered as per the provision of section 141(B) of the B.P. M.C. Act. However, considring the development of these areas while including them in the Municipal Corporation limit, property tax/ house tax and other tax/ charges will be recovered by applying the following rules for the properties which have been already assessed or to those properties whose contruction have been completed before the date of the said merger provided the relevant evidence regarding the same is produced.

1. For the year 2006 –2007, the properties situated in the above referred Municipalitis and Gram Panchayats, where no billing is made prior to merger within the limit, the property tax/ house tax and other tax/ charges will be levied as per the bill issued for the year 2005-2006 and where the bills are already issued the property tax/ house tax and other tax/ charges will be as per the bills.

2. As per the provision of Section 141 (B) of the B.P.M.C. Act, 1949 and Rlules 8(A) to 8(E) framed thereunder, property tax wiil be calculated and if the amount of the said property tax and water sewerage charge decided by the Municipal Corporation is more than the amount of Property tax/ House tax and other taxes/ charges of the respective Municiplity/ Gram Panchayat in the year 2006-2007, then the rebate shall be given on the amount of diffrence between the two for the finacial years mentioned below:

   A. 75% rebate of differential amount shall be given in the financial year 2007-2008.

   B. 50% rebate of differential amount shall be given in the financial year 2008-2009.

   C. 25% rebate of differential amount shall be given in the financial year 2009-2010.

   D. Property tax shall be levied as per carpet area based new formula from the financial year 2010-2011.

Provided that after giving the above rebate, the property tax remaining due shall not be less than the minimum tax fixed by the State Government as per Section 141(B) (5) of the Act and Water/ Sewerage charge as decided by the Corporation.

Ahmedabad, 19th February, 2007.

**A. N. Dave,**
Under Secretary,
Urban Development and Urban Housing
Department.

---